## ટીએસપી-આઈ.સી.એ.આર. યોજના અંતર્ગત ખેડૂત શિબિર તથા કીટવિતરણનો કાર્યક્રમ યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટીના એ.આઈ.સી.આર.પી. ઓન બાયોલોજીકલ કંટ્રોલ ઓફ ક્રોપ પેસ્ટ્સ વિભાગ દ્વારા ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તથા કીટવિતરણનો કાર્યક્રમ તા.૨૯/૦૯/૨૦૨૦ના રોજ નર્મદા જીલ્લા ખાતે ગોઠવવામાં આવેલ. જેમાં નર્મદા જીલ્લાના ગરૂડેશ્વર અને નાંદોદ તાલુકાના જુદા જુદા ૧૦ ગામોના કુલ ૫૦ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધેલ. આ ખેડૂત શિબિર અંતર્ગત ભાગ લીધેલ ખેડૂતો અને અન્ય સૌના સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈને કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખીને સૌપ્રથમ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું અને એકબીજાથી પૂરતું અંતર (સોશિયલ ડિસટન્સ) જળવાય તેની કાળજી રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ખેડૂત શિબિરમાં ડૉ. એન.બી.પટેલ, મુખ્ય સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને જૈવિક નિયંત્રકોનો ઉપયોગ, જીવાતના કુદરતી દુશ્મનોની ઓળખ તથા બાયોપેસ્ટીસાઈડનો જીવાત અને રોગ નિયંત્રણમાં ફાળો જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. રઘુનંદન, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને બાયોપેસ્ટીસાઇડ્સ તેઓ કેવી રીતે જાતે જ પોતાના ઘરઆંગણે બનાવી શકે તે અંગે માહિતગાર કર્યા. આ ખેડૂત શિબિરમાં આ ઉપરાંત ખેડૂતોને પાક સંરક્ષણમાં ઉપયોગી થઈ શકે તે હેતુસર બાયોપેસ્ટીસાઇડ, ફેરોમોન ટ્રેપ, લ્યુર, પીળા ચીકણા ટ્રેપ તેમજ લીમડા આધારીત કીટનાશક દવા તદ્દઉપરાંત યુનિવર્સિટી દ્વારા બહર પાડવામાં આવેલ દૂધી અને પાપડીના બિયારણનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત આત્મા પ્રોજેક્ટના શ્રી ભૌમિકભાઇ દ્વારા ખેડૂતોને ગુજરાત સરકારશ્રીના સજીવ ખેતી અપનાવવાના આહવાનમાં જોડાવવા માટે અનુરોધ કરવામાં આવેલ અને ગુજરાત સરકાર/ ભારત સરકારે જાહેર કરેલ કોરોના વાયરસની મહામારીની બિમારી સામે રક્ષણ મળે તે માટેની ગાઈડલાઈન અંગેની સમજ પણ આપી. આખરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી સંજીતભાઇ રાજ, પ્રયાસ એગ્રો, રાજપીપળા દ્વારા ખેડૂતોને જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા દ્વારા આપવામાં આવેલ તમામ કીટ્સનો ઉપયોગ કરીને સજીવ ખેતી કરવા માટે જણાવવામાં આવેલ અને આભારવિધિ કરીને કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# નર્મદા જિલ્લા ખાતે ટીએસપી-આઈ.સી.એ.આર. યોજના અંતર્ગત ખેડૂત શિબિર





















